અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગુનામાં છેલ્લા આઠ વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી,

સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચ.

સુરત શહેર વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા ડ્રાઈવ અનુસંધાને વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા નાસતા ફરતા સ્કોડના પો.સ.ઈ.શ્રી. પી.કે.પટેલ નાઓની ટીમના HC રાજેન્દ્ર ગીરીશભાઈ અને HC ફરીદખાન નસીબખાન નાઓને મળેલ હકિકત આધારે આરોપી- નદિમ ખાન ઝુલ્ફકાર અર્ધબરીયા ઠાકુર ઉ.વ. ૨૭ રહે. ખાતા નં.૧૧, ૧૨, પારસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શ્રીકૃપા ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટની ગલીમાં કાપોદ્રા ચાર રસ્તા પાસે કાપોદ્રા, સુરત મુળ રહે. દાનગઠ તા. ડીબાઈ જી. બુલંદશહેર (યુ.પી) નાને સુરતા કાપોદ્રા પેટ્રોલ પંપની બાજુમાં કૈલાસ ચાની હોટલ પાસે જાહેર રોડ પરથી પકડી પાડવામાં આવેલ હોય સદર આરોપી કાપોદ્રા પો.સ્ટે. I ગુ.ર.નં. ૭૩/૨૦૧૧ IPC કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના ગુન્હામાં વોન્ટેડ હોય સદર આરોપી ફરીયાદીશ્રીના મકાનમાં ઉપરના માળે ભાડેથી રહેતો હોય તેણે તા.૧૯/૦૪/૨૦૧૧ ના રોજ ફરીયાદીશ્રીની દિકરી ઉ.વ.૧૪ નાનીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી ઉત્તર પ્રદેશ ખાતે લઈ જઈ ત્યાં અવર નવર દુષ્કર્મ આચરી તેણીને ત્યાંજ મુકી નાશી ગયેલ અને આજદિન સુધી પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હતો દરમ્યાન ડી.સી.બી.પો.સ્ટે. ના પોલીસ માણસોને સદર આરોપી આશરે પાંચેક દિવસથી સુરત શહેરમાં કાપોદ્રા ખાતે શ્રીકૃપા ઈન્ડસ્ટ્રીઝમાં રહી એમ્બ્રોડરી મશીન ઉપર કામ કરતો હોવાની હકિકત આધારે પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.